PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૧/કવા–૦૨/૧૮–૧૯/ 8882-2 તા. 20-9-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
પ્રવિણભાઈ જીવરાજભાઈ વિરડીયા,
ગામ: લોનકોટડા
તા.બાબરા
જી: અમરેલી, પીનકોડ–૩૬૪૪૯૦
મો: ૯૯૦૯૩ ૦૯૭૧૮, ૬૩૫૨૫ ૬૩૧૫૦

1B

**વિષય :–ખેતીવાડી ૦૩ ફેઈઝ – સામાન્ય વીજજોડાણ ના ભાવપત્રક ની મુદત બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૧–૦૮–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૧/કવા–૦૨/૧૮–૧૯)**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

W-45 DISCOM

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, વાસાવડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૪૧/કવા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૧૪–૦૯–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: પ્રવિણભાઈ જીવરાજભાઈ વિરડીયા, ગામ: લોનકોટડા
રજુઆત કરનાર: અરજદાર પ્રવિણભાઈ જીવરાજભાઈ વિરડીયા હાજર રહેલ છે.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, વાસાવડ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)
રજુઆત કરનાર :વી.જી.મારકણા – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી ગોંડલ

## : હુકમ :

**ફરીયાદ : ખેતીવાડી ૦૩ ફેઈઝ – સામાન્ય વીજજોડાણ ના ભાવપત્રક ની મુદત બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ ગામ:લોનકોટડા ખાતે ખેતીના સર્વે નંબર: ૧૮૯/૧/૪ મા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે તા.૧૯–૦૫–૧૭ ના રોજ ની અરજી અન્વયે – તેઓને ભાવપત્રક તા.૨૮–૦૭–૧૭ ના રોજ અપાયેલ હતુ. જે અરજદાર ના માતૃશ્રી એ સ્વીકારેલ– જે બાબત ની વાત કરતા – તેઓ ભુલી ગયેલ હોય – વધુમાં અરજદાર ના પુત્ર ની સારવાર માટે દવાખાના મા વ્યસત હોય – તેમજ તેઓની આર્થિક સ્થિતી અને માનસીક તણાવ ના કારણોસર સદર ખેતીવાડી વીજજોડાણ નુ ભાવપત્રક ભરપાઈ કરવાનુ ભુલી ગયેલ છે. આમ, તેઓએ વીજજોડાણ મળે તે માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | **અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી** પ્રવીણભાઈ જીવરાજભાઈ વિરડીયા તા ૧૧.૦૯.૨૦૧૨ ના રોજ ૧૨.૫ હોપાના ખેતીવાડી વિજ જોડાણ માટે અરજી અન્વયે – અગ્રતાકમ આવતા પત્ર તા ૨૮.૦૭.૨૦૧૭ થી અંદાજપત્ર પાઠવવામાં આવેલ.<br><br>સદર અંદાજપત્ર સમયમર્યાદામાં ભરપાઈ ન કરતા અરજદારને નાયબ ઈજનેર વાસાવડ પેટાવીભાગીય દ્રારા અરજદાર ની સદર અરજી દફતરે કરવામાં આવેલ જેની જાણ પત્ર નં. વીએસડી/ટેક/આરઈ/૧૭૨૫૨ તા.૦૪.૧૨.૨૦૧૭ થી અરજદાર ને કરવામાં આવેલ છે. પરિપત્ર નં. -૨૧૮૯/તા.૨૪.૧૦.૨૦૧૩ મુજબ અરજદારે અંદાજપત્ર ભરપાઇ કરવાની છેલ્લી તારીખથી એક મહિના સુધીમાં સમયમર્યાદા વધારવાની અરજી કરવાની હોય છે. **તે મુજબ** –અરજદાર દ્વારા **ભાવપત્રક ભરપાઈ કરવાની** સમયમર્યાદા **વધારવા માટે – સબંધક** પેટા વિભાગીય કચેરીમાં સમયમર્યાદામાં અરજી કરેલ નથી. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી પ્રવીણભાઈ જીવરાજભાઈ વિરડીયા ની – તા.૧૧.૦૯.૨૦૧૨ ના રોજ ૧૨.૫ હોપાના ખેતીવાડી વિજ જોડાણ માટે અરજી અન્વયે – અગ્રતાક્રમ આવતા અંદાજપત્ર નં–૧૧૭૯૩, તા ૨૮.૦૭.૨૦૧૭ રજીસ્ટર્ડ ટપાલ મારફત પાઠવવામાં આવેલ. જે રજીસ્ટર્ડ ટપાલ પાવતી મુજબ અરજદાર ને મળેલ છે. ભાવપત્રક ભરપાઈ કરવાની અંતીમ તા.૨૮–૦૮–૧૭ હતી. ત્યારબાદ, અરજદાર દ્વારા – નિયત સમયમર્યાદા માં સદર ભાવપત્રક ની રકમ ભરપાઈ કરાયેલ ન હોય – તેમજ સમયમર્યાદા વધારવા માટે ની અરજી કરેલ ન હોય – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પત્ર નં.–૧૭૨૫૨ તા.૦૪–૧૨–૧૭ થી રજીસ્ટર્ડ ટપાલ દ્વારા – અરજદાર ની સદર અરજી દફતરે કરવામાં આવેલ હોવાની જાણકારી અપાયેલ હતી. જે પત્ર અરજદાર ને રજીસ્ટર્ડ ટપાલ પાવતી મુજબ મળેલ છે. |
| **૩.૨** | અરજદાર ની મુદદા નં.૧.૧ મુજબ ની વિગતેની રજુઆત મુજબ – તેઓના પુત્ર ની સારવાર માટે દવાખાના ના કામ મા વ્યસત હોય – તે અંગે ના આધાર–પુરાવા મુજબ – તા.૨૨–૦૫–૧૭, તા.૦૧–૦૬–૧૭, તા.૦૭–૦૬–૧૭ અને તા.૨૧–૦૬–૧૭ મુજબ ના ડોકટર ના પ્રીસ્ક્રીપશન ની નકલો રજુ કરેલ છે. પરંતુ, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – અરજદાર ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી અન્વયે ભાવપત્રક તા.૨૮–૦૭–૧૭ ના રોજ થી રજીસ્ટર્ડ ટપાલ મારફત મોકલવામા આવેલ હતુ, જે ભાવપત્રક ભરપાઈ કરવાની અંતીમ તા.૨૮–૦૮–૧૭ હતી. |
| **૩.૩** | ઉપરોક્ત મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે – સદર કેઈસ મા, અરજદાર દ્વારા નિયમાધીન કાર્યવાહી કરાયેલ ન હોય , અરજદાર ની તેઓને અપાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ માટે ના ભાવપત્રક ની સમયમર્યાદા વધારવા માટે ની અરજી ના અનુસંધાને – અરજદાર દ્વારા નિયત સમયમર્યાદા માં સદર ભાવપત્રક ની રકમ ભરપાઈ કરાયેલ ન હોય, તેમજ ભાવપત્રક ની સમયમર્યાદા વધારવા માટે ની અરજી પણ કરાયેલ ન હોય – જેથી અરજદાર ની સદર અરજી ગ્રાહય રાખી શકાય નહી, તેમ –સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.